YEARS OF CELEBRATING THE MAHATMA

सत्यमेव जयते
Government of Gujarat

ક્રમાંક:- ગકવ-૧૬૨૦૧૯-૧૦૭૯-ક-૨
ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 28 JUN 2019
ફોન:-૦૭૯-૨૩૨૫૦૮૨૫
ઈ-મેઈલ- so-k2-agri@gujarat.gov.in

Office of the Registrar
A.A.U., ANAND.
08 JUL 2019
INWARD NO. 5700

પ્રતિ,
કુલસચિવશ્રી,
રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ
આણંદ ,જૂનાગઢ,નવસારી, દાંતીવાડા

**વિષય:** "Relaxation in rules for startups in public procurement" બાબત

ઉપર્યુક્ત વિષય પરત્વે સેક્શન અધિકારીશ્રી,મ-૩ શાખા ના તા-૦૮.૦૫.૨૦૧૯ પત્ર ક્રમાંક-પરચ-૧૨૧૯-૩૯૨-મ-૩ પત્ર તેના બિડાણ સહ સામેલ છે.ઉક્ત પત્ર સાથે સામેલ અગર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગના તા-૨૯.૦૪.૨૦૧૯ના પત્ર તેમજ ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્ર અને ઠરાવની સૂચનાઓ ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

**(જી.એસ.મોદી)**
**સેક્શન અધિકારી**
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ:-ઉપર મુજબ.

આણંદ કૃષિ યુનિવર્સિટી,

આણંદ

**નકલ રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ કચેરીઓ તરફ.

**નં. આકૃયુ/રજિ/સંકલન/ ૪૭૦ ૦/૨૦૧૯**

**તા.૧૦/૦૭/૨૦૧૯**

કુલસચિવ

**નકલ રવાના:**

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.

(૨) આ કચેરીની એડીએમ શાખા-3 તરફ.

2

ક્માંક:પરચ/૧૨૧૯/૩૯૨/મ-૩
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૪૯
Email : so-m3-agri@gujarat.gov.in
તારીખ :૦૮/૦૫/૨૦૧૯

પ્રતિ,

- અધિક સચિવશ્રી(કૃષિ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(સહકાર), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(પશુપાલન/મત્સ્યોદ્યોગ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(બજેટ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર. નાયબ સચિવશ્રી (કૃષિ)યુનિવર્સિટી. કૃષિ સહકાર વિભાગ. સચિવાલય, ગાંધીનગર
- ~~બાગાયત નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.~~
- રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.

વિષય:-Relaxation in rules for Startups in Public Procurement .

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૯/૦૪/૨૦૧૯ના પત્રની નકલ મોકલી આપતા જણાવવાનું કે પત્રમાં જણાવ્યા મુજબની યોગ્ય જાણ/કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(એન.ડી.વાઘેલા)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ : ઉપર મુજબ

રવાના કર્યું
8.5.19

BS - IMD - 2019-19

**M. K. Das**, IAS
Principal Secretary

सत्यमेव जयते
GOVERNMENT OF GUJARAT

Government of Gujarat
Industries & Mines Departme
Block No. 5, 3rd Floor,
New Sachivalaya,
Gandhinagar-382010.
Phone: + 91-79-23250701/03.
Fax : +91-79-23250844

29 April 2019

Mr. Sanjay Prasad, IAS
Additional Chief Secretary
Agriculture and Co-operation Department

**Subject: Relaxation in rules for Startups in Public Procurement**

Respected Sir,

As you are aware, Government of India launched the Startup India initiative in 2016 in order to promote startups. Government of Gujarat has also been supporting startups through several policies like Scheme for Assistance to Startups 2015, IT/ITes & Electronics Startup Policy, Student Startup & Innovation Policy etc. Government of India launched the state startup ranking framework in 2018, where Gujarat was adjudged the Top Performer state by the Department for Promotion of Investment and Internal Trade (DPIIT). The ranking process for year 2019 is currently under process.

In order to promote startups and to encourage innovative projects by giving preference to start-up projects in the public procurement, it has been decided to provide the following benefits and facilities under the Gujarat State Purchase Policy – 2016 to the start-up projects vide Government Resolution number: Purchase/102018/UOR 1/Ch and SPO/102018/UOR/1/Ch, Dt. 11/04/2018, wherein, several criteria like prior experience, turnover, submission of EMD etc. has been relaxed. (Copy attached)

You are requested to kindly refer to these resolutions and include these clauses in your tenders'/ RFP documents. Since, we are required to submit a copy of such RFPs where we have promoted startups to DPIIT, for the ranking framework, may I also request you to please share the copies of the RFP documents with Industries Commissioner, who is the nodal contact for startup related activities.

Your office may please get in touch with:

1. Mr. R. D. Barhatt, Joint Commissioner, IC (+91 9909602053; [illegible] )
2. Mr. Sanchit Saraf, KPMG (+91 9601272110; [illegible]@kpmg.com

For further support in this matter.

Thanking you.

Yours Faithfully,

(M.K. Das)

449

ડીરેક્ટર સ્ટોર

૨૧૬૯૩૯/૧૮

સરકારશ્રીની ખરીદીમાં MSME સ્ટાર્ટઅપ એકમોને આપવામાં આવતી છુટછાટો અંગેની સુચનાઓનું અમલ કરવા બાબત

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
પરિપત્ર ક્રમાંક:ખરદ-૧૦૨૦૧૮-UOR.૧-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૧-૦૪-૨૦૧૮

વંચાણે લીધો :

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૦૭-૧૨-૨૦૧૬ નો પરિપત્ર ક્રમાંક: એસપીઓ-૧૦-૨૦૦૮-૭૯૪-ચ

પરિપત્ર:

વંચાણે લીધા (૧) પરિપત્ર દ્વારા ખરીદનીતિ સંબંધિત કેટલીક અગત્યની સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. ઉપર્યુક્ત સુચનાઓ અંતર્ગત ખરીદનીતિ હેઠળ સુક્ષ્મ અને લઘુ સ્ટાર્ટઅપ એકમો માટે ટર્નઓવરની બાબત તેમજ સુક્ષ્મ અને લઘુ સ્ટાર્ટઅપ એકમો દ્વારા બીડ કરવા માટે સરકારશ્રીને અમુક રકમની ચીજવસ્તુઓ સપ્લાય કરવા અંગે છુટછાટ માટે અગાઉ સુચના આપેલ હોવા છતા પ્રસ્તુત જોગવાઈનું યોગ્ય રીતે પાલન ન થતું હોવાનું ધ્યાનમાં આવેલ છે.

આથી પ્રસ્તુત બાબતે વંચાણે લીધા (૧) પરિપત્ર ના મુદ્દા ૮(J) તથા મુદા (૧૦) ના અમલ અંગે નીચે મુજબ સુચના પુન:પરિપત્રીત કરવામાં આવે છે.

(૧) સુક્ષ્મ અને લઘુ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ હેઠળની ચીજવસ્તુઓ માટે ટર્નઓવરની વિગતો મેળવવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. તેથી આવી શરત ખરીદકર્તા કચેરીઓએ રાખવી નહીં.

(૨) સુક્ષ્મ અને લઘુ સ્ટાર્ટઅપ બીડર પેઢી દ્વારા સરકારને અગાઉ અમુક રકમની ચીજ-વસ્તુઓ સપ્લાય કરેલ હોવા અંગેની શરત રાખવી યોગ્ય નથી. તેથી ખરીદકર્તા કચેરીએ આ અંગેની શરત ટેન્ડરમાં રાખવાની રહેશે નહીં.

ઉક્ત જોગવાઈઓનું સરકારશ્રીની તમામ કચેરીઓ દ્વારા ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ સુચનાઓના ચુસ્ત અમલ અંગેની જવાબદારી ટેન્ડર પ્રસિધ્ધ કરનાર કચેરી/ ખાતાના વડા; જે તે વિભાગના સચિવ અને બોર્ડ/ નિગમ/ કોર્પોરેશનના વહીવટી વડા/ સી.ઈ.ઓ ની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.બી.મખોડિયા)
ઉપસચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- ઉદ્યોગ કમિશનરશ્રી અને મધ્યસ્થ સરંજામ ખરીદ અધિકારીશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન,

ગાંધીનગર

- અધિક ઉદ્યોગ કમિશનરશ્રી(સ.ખ.), ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી - ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ઓડીટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ / ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ
- સચિવાલયના સર્વે વિભાગો તરફ તેમના હસ્તકના તમામ ખાતાના વડાઓ/ તાબાની કચેરીઓ /બોર્ડ / કોર્પોરેશન અને નિગમોને જાણ કરવા વિનંતી સહ
- ઉદ્યોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ તેમના હસ્તકના ખાતાના વડા/ તાબાની કચેરીઓ/ બોર્ડ / નિગમોને જાણ કરવા વિનંતી સહ.
- કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ (વિભાગની વેબસાઈટ ઉપર મુકવાની વિનંતી સહ)
- શાખા સિલેક્ટ ફાઇલ

સરકારશ્રીની ખરીદીમાં સ્ટાર્ટઅપ એકમોને
સવલતો અને તેના અમલીકરણ બાબત

ગુજરાત સરકાર

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંક : ખરદ-૧૦૨૦૧૮-UOR-૧-ચ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:30/04/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક : એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ, તા.03/06/૨૦૧૬

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્રક્રમાંક:-એસપીઓ/૧૦/૨૦૦૮/૭૯૪/ચ,તા.0૭/૧૨/૨૦૧૬

(3) ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્ર ક્રમાંક :-ખરદ/૧૦૨૦૧૮/UOR.૧/ચ, તા.૧૧/04/૨૦૧૮

ઠરાવ:

સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસી - ૨૦૧૫ હેઠળ તા.૨૭/0૧/૨૦૧૫ ના ઠરાવથી સહાય યોજના અમલમાં મૂકેલ છે. રાજ્ય સરકાર તથા રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશન દ્વારા થતી ખરીદીમાં સ્ટાર્ટઅપ પ્રોજેક્ટોને પ્રોત્સાહિત કરવા માટે ગુજરાત રાજ્ય ખરીદ નીતિ - ૨૦૧૬ અંતર્ગત નીચે મુજબના લાભ અને સવલતો આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. રાજ્યના સ્ટાર્ટઅપ એકમો કે જે મુખ્યત્વે માઈક્રો અને સ્મોલ જ હોય છે તેમને લાભ આપવા માટે ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) ભરવામાંથી મુક્તિ મળવાપાત્ર થશે.

૨. રાજ્યના સ્ટાર્ટઅપ એકમો કે જે મુખ્યત્વે માઈક્રો અને સ્મોલ જ હોય છે, આવા એકમોને રાજ્યના મધ્યમ તથા મોટા એકમો સામે તથા અન્ય રાજ્યના એકમો સામે ૧૦ ટકા ભાવ પસંદગી (Price Preference)નો લાભ તથા ગુણવત્તા આધારીત ભાવ પસંદગીનો લાભ મળવાપાત્ર થશે. ભાવ પસંદગીને પાત્ર રાજ્યના માઈક્રો અને સ્મોલ સ્ટાર્ટઅપ એકમોએ તેમના ભાવ, ન્યુનત્તમ (L-1) ભાવ સમકક્ષ લાવવાના રહેશે.

3. સૌથી ઓછા ભાવ ભરનાર (L-1) એકમ અન્ય રાજ્યનું હોય તો, સૌથી ઓછા ભાવ ભરનાર રાજ્યનું સ્ટાર્ટઅપ એકમ ભાવ મેળવણી (Price Matching) માટે સંમત થાય તો ખરીદી હેઠળનાં કુલ જથ્થાના ૫૦ ટકા ઓર્ડર મળવાપાત્ર થશે.

૪. રાજ્યના સ્ટાર્ટઅપ એકમો કે જે મુખ્યત્વે માઈક્રો અને સ્મોલ જ હોય છે તેમને Prior Turnover ની શરતમાંથી મુક્તિ આપવાની રહેશે તેમજ ખરીદી હેઠળની ચીજ-વસ્તુ અગાઉ સપ્લાય કરેલ હોવા અંગેની શરત રાખવાની રહેશે નહિ.

૫. રાજ્ય સરકારની ખરીદીમાં સ્ટાર્ટઅપ પ્રોજેક્ટોના પ્રશ્નોના નિવારણ માટે ખરીદનીતિ ૨૦૧૬ના પેરા ૧૪(૬) ની જોગવાઈ ઉપરાંત નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાની રહેશે.

   ૧. સરકારી ખરીદીને લગત સ્ટાર્ટઅપ પ્રોજેક્ટોના ઈસ્યુ/રજુઆત જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા રૂબરૂમાં સાંભળવામાં આવશે.